Navgujarat Samay

EDI

February 27, 2016
Page No. 4

# ગુજરાતના 30 સ્ટાર્ટ-અપ્સ આઈડિયાને EDI દ્વારા ફંડ

નવગુજરાત સમય > અમદાવાદ

ભારતના સ્ટાર્ટ-અપ્સે ગત વર્ષે 50,000 કરોડની નાણાકીય સહાય મેળવી છે. દિન પ્રતિદિન ભારતીય ઔદ્યોગિક એકમોને મળતી સહાયનો આંક વધી રહ્યો છે. અમેરિકા અને યુ.કે. પછી સ્ટાર્ટ અપ શરૂ કરવામાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે. એટલું જ નહિ છેલ્લા દિવસના ગાળામાં ચીનના રોકાણકારોએ ભારતમાં 3થી 7 મિલિયન ડોલર્સનું રોકાણ કર્યું છે. એકમોને પ્રોત્સાહન માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર પણ નવી પોલિસીઓ જાહેર કરી રહી છે. ત્યારે અમદાવાદ સ્થિત ઈડીઆઈએ ગુજરાત સીએસઆર ઓથોરિટી તથા ગુજરાત સીડ્સ કોર્પોરેશન લિમિટેડના સહયોગથી ગુજરાતના નવીનતમ બિઝનેસ આઈડિયા શોધવા માટે એમ્પ્રેસારિયો-2016નું આયોજન કર્યુ હતું.

**નવીનતમ બિઝનેસ આઇડિયા શોધવા માટે એમ્પ્રેસારિયોનું આયોજન થયું**

ઈડીઆઈ દ્વારા રાજ્યના 10 જિલ્લામાં બૂટકેમ્પ્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યના ખૂણેખૂણામાંથી ઉદ્યોગસાહસિકોએ બિઝનેસ માટેના ૧૩૫ નવીનતમ વિચારો રજૂ કર્યા હતા. તેમાંથી ૩૦ આઈડિયા વિકસાવવા માટે ૪૦ હજાર સુધીનુ ફંડ આપવામાં આવશે. પસંદગી પામેલ આઈડિયા મહદંશે કૃષિ, પુનઃપ્રાપ્ય ઊર્જા, કળા અને હસ્તઉદ્યોગ તથા ડિજિટલ ટેક્નોલોજી સાથે સંકળાયેલાં છે.

આ પ્રસંગે ઈડીઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે, ‘ઈડીઆઈ કે બહાર ઉદ્યોગ સાહસિકતા અંગે હાલમાં જે પ્રકારનો માહોલ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે તે અગાઉ ક્યારેય જોવા નથી મળ્યો. મને ખુશી છે કે ઈડીઆઈ રાજ્ય અને દેશની સ્ટાર્ટ-અપ ચળવળમાં અગત્યનો ફાળો આપી રહ્યું છે અને આ પ્રકારના સ્ટાર્ટ-અપ મેળાના આયોજનની પહેલ કરી રહ્યું છે.”